## ભાદરવે અષાઢી માહોલ

**40 દિવસ બાદ મેઘરાજાએ ખોલ્યા આકાશના દ્વાર**

# વાંસદામાં 5 ઈંચથી પૂર્ણા-કાવેરી બે કાંઠે

### નવસારીમાં મેઘમહેર થતા અસહ્ય બફારાથી ત્રસ્ત લોકોને રાહત

### ઉપરવાસના વરસાદથી પૂર્ણા નદીની સપાટી બે કલાકમાં 5 ફૂટ વધી, તંત્ર એલર્ટ મોડમાં

નવસારી, વાંસદા : લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા નવસારી જિલ્લામાં આખરે મેઘરાજાએ જોરદાર એન્ટ્રી કરતાં ચોમાસાએ ફરી રંગ પકડ્યો છે. આશરે 40 દિવસના લાંબા વિરામ બાદ વરસેલા વરસાદથી શહેરથી ગામડાં સુધી વરસાદી માહોલ છવાઈ ગયો છે. અસહ્ય બફારા વચ્ચે અચાનક વરસેલા વરસાદે વાતાવરણમાં ઠંડક લાવી દેતાં લોકોમાં પણ રાહત અને આનંદની લાગણી જોવા મળી હતી. ખેડૂતો માટે પણ આ વરસાદ રાહતરૂપ બન્યો છે. જિલ્લામાં સૌથી વધુ વરસાદ વાંસદા તાલુકામાં નોંધાયો છે, જ્યાં આશરે 5 ઈંચ વરસાદ ખાબક્યો હતો. નવસારી શહેરમાં 3 ઈંચ, જલાલપોર અને ખેરગામમાં 2-2 ઈંચ વરસાદ નોંધાયો હતો. ગણદેવીમાં અડધો ઈંચ જ્યારે ચીખલી તાલુકામાં ૧.૩૨ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. બીજી તરફ ઉપરવાસમાં પડેલા વરસાદની સીધી અસર જિલ્લાના જળસ્ત્રોતો પર જોવા મળી રહી છે. પૂર્ણા નદીમાં પાણીની આવક વધતાં જળસપાટીએ અચાનક ઉછાળો લીધો હતો. બપોરે 2થી 4 વાગ્યા વચ્ચે માત્ર બે કલાકમાં જ પૂર્ણા નદીની સપાટી 5 ફૂટ વધી 15 ફૂટે પહોંચી હતી. કાવેરી નદીમાં પણ 3 ફૂટનો વધારો નોંધાતા જળસપાટી 16 ફૂટે પહોંચી છે. નદીઓમાં ઝડપથી વધી રહેલી જળસપાટીને પગલે નદીકાંઠાના વિસ્તારોમાં ચિંતા સાથે તંત્ર પણ એલર્ટ મોડમાં આવી ગયું છે. વરસાદે ભલે ગરમી અને બફારાથી રાહત આપી હોય, પરંતુ નદીઓના વધતા પ્રવાહને કારણે આગામી કલાકોમાં પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવી જરૂરી બની છે.

**ઉપરવાસમાં પડેલા વરસાદને પગલે ચીખલી તાલુકાની**

## કાવેરી નદીની સપાટી ૮ ફૂટ વધી

### સાંજે ૬ વાગ્યે ૧૬ ફૂટે પહોંચી, સીઝનમાં તડકેશ્વર મહાદેવ મંદિર ત્રીજી વખત જળમગ્ન થયું હતું



**જિલ્લાનો 24 કલાકનો વરસાદ**

| | |
|---|---|
| વાંસદા | 5 ઈંચ |
| નવસારી | 3 ઈંચ |
| જલાલપોર | 2 ઈંચ |
| ખેરગામમાં | 2 ઈંચ |
| ચીખલી | 1.32 ઈંચ |

ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી તાલુકામાં ગતરોજથી ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે. ઉપરવાસમાં છેલ્લા ૨૪-કલાક દરમ્યાન પડેલા નોંધપાત્ર વરસાદના પગલે કાવેરી નદીમાં નવા નીર આવવા સાથે સપાટીમાં વધારો થયો હતો. બીજી બીજી તરફ કાવેરી, ખરેરા, અંબિકા સહિતની લોકમાતાઓના જળસ્તરમાં ઝડપી વધારો થતાં બે કાંઠે વહેતી થવા પામી હતી.

ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે કાવેરી નદીના જળસ્તરમાં ૧૦-કલાકમાં ૮ ફૂટનો વધારો નોંધાયો હતો. સાંજે ૬ વાગ્યા પુરા થતા કાવેરી નદી ૧૬-ફૂટની સપાટીએ વહેતી જોવા મળી હતી. ચીખલી કાવેરી નદીના કિનારે આવેલું સુપ્રસિદ્ધ શ્રી તડકેશ્વર મહાદેવ મંદિર ચાલુ ચોમાસાની સીઝનમાં ત્રીજી વખત જળમગ્ન બન્યું હતું. સંભવિત પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને નદીકાંઠાના તથા નીચાણવાળા વિસ્તારોમાં સુરક્ષાના ભાગરૂપે પોલીસ બંદોબસ્ત પણ તૈનાત કરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા નદીના પટમાં કોઈપણ વ્યક્તિએ ન જવા અને લોકોને સાવચેતી રાખી સલામત સ્થળે રહેવા માટે સૂચના આપવામાં આવી છે.

બીજી તરફ વરસાદથી ખેડૂતોમાં રાહતની લાગણી જોવા મળી હતી.

તાલુકામાં 6 વાગ્યે પૂરા થતા ચોવીસ કલાકમાં ૧.૩૨ ઈંચ વરસાદ સાથે સીઝનનો કુલ વરસાદ ૧૦૨.૯૬ ઈંચ જેટલો નોંધાયો છે.



કેરસી બારીયા

## ગણદેવી તાલુકામાં ઠેર ઠેર પાણીનો ભરાવો જોવાયો

બીલીમોરા : ગણદેવી તાલુકામાં 24 કલાક 14 મીમી વરસાદ વરસ્યો હતો. કાવેરી નદીનાં જળસ્તરમાં 8 ફૂટનાં વધારા સાથે તે ભયજનક 19 ફૂટની નજીક 16 ફૂટે પહોંચી હતી. તે સાથે મોસમનો ગણદેવીમાં 2052 મીમી (82.08 ઈંચ) વરસાદ વરસી ચુક્યો છે. જોકે પાછોતરા વરસાદને પગલે ડાંગર અને શાકભાજીનાં પાકને જીવતદાન મળ્યું છે. ગણેશ ચતુર્થીની પૂર્વ સંધ્યા શનિવારે વરસાદ મંડાયો હતો જે રવિવારે પણ વાદળ છાયા વાતાવરણ વચ્ચે ઝરમર ઝરમર વરસતા આગમન શોભાયાત્રામાં બાપ્પા ભક્તો પલળી ગયા હતા. તેમ છતાં ભક્તોએ વરસાદ વચ્ચે બાપ્પાનો જયજયકાર કર્યો હતો.

## કપરાડા તાલુકાની નદીઓમાં ઘોડાપુર, કોઝવે ડૂબી જતા વાહન વ્યવહાર ઠપ

### વલસાડ જિલ્લાના કપરાડામાં સૌથી વધુ 3.15 ઈંચ, ધરમપુર 3.10, નાનાપોંઢા 3, ઉમરગામ-વાપી 2-2 ઈંચ વરસાદ વરસ્યો



**જિલ્લાનો 24 કલાકનો વરસાદ**

| | |
|---|---|
| કપરાડા | 3.15 ઈંચ |
| ધરમપુર | 3.10 ઈંચ |
| નાનાપોંઢા | 3 ઈંચ |
| ઉમરગામ | 2 ઈંચ |
| વાપી | 2 ઈંચ |

વલસાડ : લાંબા સમયના વિરામ બાદ વલસાડ જિલ્લામાં ફરી એકવાર મેઘરાજાની મહેર થતાં વરસાદી માહોલ છવાઈ ગયો છે. ભારે વરસાદના કારણે કપરાડા તાલુકાના અનેક નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે, તો બીજી તરફ નદી-નાળાઓ પણ છલકાયા છે.

તાલુકાવાર આંકડાઓ પર નજર કરીએ તો કપરાડા પંથકમાં સૌથી વધુ ૮૫ મી.મી. વરસાદ ખાબક્યો હતો, જ્યારે ધરમપુરમાં ૮૨ મી.મી. અને નાનાપોંઢામાં ૭૨ મી.મી. વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત વાપીમાં ૫૫ મી.મી., ઉમરગામમાં ૪૬ મી.મી., પારડીમાં ૨૬ મી.મી. અને વલસાડ તાલુકામાં ૧૭ મી.મી. જેટલો વરસાદ વરસ્યો હતો.

કપરાડામાં નીચા કોઝવે ડૂબી જતા વાહન વ્યવહાર ઠપ થયો છે. રાન્ધાથી કરચોડ થઈને દૂધની જતા મુખ્ય રસ્તા પર વાહનવ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો છે. કરચોડ ખાતે આવેલા લો લેવલ કોઝવે પર નદીના પાણી ફરી વળ્યા છે, કોઝવે પર પાણીનો પ્રવાહ વધુ હોવા છતાં, લોકો જીવના જોખમે અવરજવર કરવા મજબૂર બન્યા છે. સ્થાનિકોએ વાહનોને પસાર કરવા માટે એક ટ્રેક્ટરની પાછળ અન્ય ગાડીઓને મજબૂત દોરડાથી બાંધીને આ ધસમસતા પાણીના પ્રવાહમાંથી કોઝવે પાર કરાવવામાં આવી રહ્યો છે.

## વિરાવળમાં પૂર્ણા નદીના વધતા પ્રવાહથી પૂરનો ભય

### રક્ષણાત્મક પાળો ક્ષતિગ્રસ્ત થતા કામગીરીની ગુણવત્તા સામે સવાલો



નવસારી : દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની સ્થિતિ વચ્ચે પૂર્ણા નદીની જળસપાટી વધતાં વિરાવળ વિસ્તારમાં પૂર અંગે સ્થાનિકોમાં ચિંતા જોવા મળી રહી છે. સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોના જણાવ્યા મુજબ પૂર્ણા નદીના કાંઠે જમીનના ધોવાણને અટકાવવા માટે ટાઇટલ ડેમ પાસે માટી-કપચીથી રક્ષણાત્મક પાળો બનાવવામાં આવ્યો હતો, પરંતુ વરસાદ બાદ પાળાના કેટલાક ભાગને નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. આ કામગીરી માટે થયેલા ખર્ચ અને તેની ગુણવત્તા અંગે પણ સ્થાનિકોએ પ્રશ્નો ઉઠાવ્યા છે.


સ્થાનિકોના જણાવ્યા મુજબ અગાઉના ભારે વરસાદ દરમિયાન પૂર્ણા નદીના કાંઠે જમીનનું ધોવાણ થયું હતું. ત્યારબાદ ડ્રેનેજ વિભાગ દ્વારા ટાઇટલ ડેમ પાસે રક્ષણાત્મક કામગીરી હાથ ધરવામાં આવી હતી. હાલ વરસાદી પાણીના પ્રવાહમાં પાળાને નુકસાન થતાં કામગીરીની અસરકારકતા અંગે તપાસની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી છે.

પૂર્ણા નદીની જળસપાટી વધુ વધે તો વિરાવળના નદીકાંઠાના વિસ્તારોમાં પાણીના પ્રવાહ અને જમીનના ધોવાણની અસર વધવાની શક્યતા અંગે ખેડૂતો અને ગ્રામજનોએ ચિંતા વ્યક્ત કરી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ નદીની સપાટી 15થી 20 ફૂટ સુધી પહોંચે તો વિરાવળ ગામ તરફ પૂરનું પાણી આવવાની શક્યતા અંગે પણ ચિંતા છે.

### ઉચ્ચસ્તરીય તપાસની માંગ

સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોએ રક્ષણાત્મક કામગીરીની સ્થળ પર તપાસ કરાવવા, કામની ગુણવત્તા તથા ખર્ચની ચકાસણી કરવા અને બેદરકારી જણાય તો જવાબદારી નક્કી કરવા માંગ કરી છે. સાથે આગામી વરસાદને ધ્યાનમાં રાખીને વિરાવળ તથા નદીકાંઠાના વિસ્તારોમાં જરૂરી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

### વાંસદાની કાવેરી અને કાવેરો નદીમાં પાણીની આવક



નિલેશ કાપડિયા

**વાંસદા: વાંસદા તાલુકામાં હાલ ચોમાસા દરમિયાન અગાઉ ભારે વરસાદને પગલે અનેક વિસ્તારોમાં તારાજી સર્જાયા બાદ છેલ્લા કેટલાક દિવસથી વરસાદે વિરામ લીધો હતો. આ દરમિયાન હવામાન વિભાગની આગાહી વચ્ચે રવિવારે વહેલી સવારથી જ વાંસદા સહિત સમગ્ર તાલુકામાં ફરી મેઘરાજાએ મન મૂકીને વરસવાનું શરૂ કરતાં ચોમાસું ફરી જામ્યું હતું. વાંસદા સહિત ઉપરવાસના વિસ્તારોમાં પણ સારો વરસાદ પડતાં વાંસદા તાલુકામાંથી પસાર થતી કાવેરી અને કાવેરો નદીમાં પાણીની આવક જોવા મળી હતી. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં લોકોએ પણ રાહત અનુભવી હતી.**

## વાપી GIDCમાં તમાકુના વેપારી પાસેથી ૧૪.૭૬ લાખની લૂંટ

### આણંદના બે ઈસમ સહિત 4 જણા રૂપિયા 14.76 લાખનો માલ ભરી લઈ ગયા

વાપી : વાપી જીઆઈડીસી વિસ્તારમાં પટેલ ટ્રેડિંગના નામથી તમાકુનો હોલસેલ વેપાર કરતા સંજય વિનુભાઈ કાકડીયા સાથે છેતરપિંડી અને લૂંટની ગંભીર ઘટના બની છે. ત્રણેક મહિના અગાઉ અમદાવાદના મિત્ર મારફત તેમની ઓળખ ક્રિશા તમાકુ ટ્રેડિંગના વહીવટદાર જીતેન્દ્ર ઉર્ફે માસ્ટર સાથે થઈ હતી. ત્યારબાદ તેઓ ઓનલાઈન પેમેન્ટ કરી નિયમિત રીતે માલ ખરીદતા હતા. ગત ૧૫ ઓગસ્ટના રોજ સંજયભાઈ સુરત ગયા હતા તે દરમિયાન જીતેન્દ્ર ઉર્ફે માસ્તર, રીતેશ સુથાર અને અન્ય બે શખ્સો વાપી સ્થિત વેરહાઉસ પર આવ્યા હતા. તેમણે દુકાનમાં કામ કરતા મજૂર જયપ્રકાશને ખુરશીમાં બેસાડી દીધો હતો અને મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીઓએ બળજબરીપૂર્વક આઈશર ટેમ્પોમાં તમાકુની ૨૨૭ બોરીઓ ભરી લીધી હતી. આશરે ૧૪,૭૬,૦૦૦ રૂપિયાની કિંમતનો આ માલ લૂંટી લીધા બાદ, આરોપીઓએ મજૂર પાસે ડરાવીને વીડિયો રેકોર્ડિંગ પણ કરાવ્યું હતું અને નોકરી છોડી દેવાની ધમકી આપી હતી. ઘટનાની જાણ થતાં વેપારીએ વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં હાજર થઈને સમગ્ર મામલે કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

## કકવાડીમાં ગણેશ આગમનમાં ખભા પર બેસીને શક્તિ પ્રદર્શન

### અઢી ફૂટ લાંબી સ્ટીલની સ્ટીક ફેરવતો વીડિયો વાયરલ થતાં પોલીસ હરકતમાં આવી



વલસાડ : વલસાડમાં હાલ ગણેશ આગમનમાં શો બાજીની અનેક ઘટનાઓ બનતી રહેતી હોય છે. જેમાં વલસાડ શહેરમાં ટાવર પર ડીજે ભેગા થતાં એક બીજાના ડીજેનો મોટો સાઉન્ડ બતાવવાની ઘટના અનેક વખત બની છે. એ ઘટના બાદ હવે તાલુકાના કકવાડી દાંતી ગામે ગણેશ આગમન દરમિયાન એક યુવક બીજા યુવકના ખભા પર ચઢી તલવાર જેવી વસ્તુ ફેરવતો હોવાનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાઇરલ થયો હતો. જેના પગલે પોલીસે આ અંગે તપાસ કરી શક્તિ પ્રદર્શન કરી હાક જમાવનાર યુવક વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ડુંગરી પોલીસ સ્ટેશનની હદમાં આવતા કકવાડી મેથીયા ફળીયા રોડ પરથી પસાર થતાં ગણેશ આગમન યાત્રામાં એક યુવક અન્ય વ્યક્તિના ખભા પર બેસીને હાથમાં સ્ટીલની સ્ટીક ફેરવતો નજરે પડ્યો હતો. આ વીડિયો વાઇરલ થયા બાદ મામલો પોલીસના ધ્યાને ચઢ્યો હતો.

જોકે, પોલીસે આ ઘટનાની ફરિયાદમાં જણાવ્યું કે, તેમણે પેટ્રોલિંગ દરમિયાન આ ઘટના જોઇ અને પોલીસ ટીમ હરકતમાં આવી તાત્કાલિક ઘેરાબંધી કરી ખભા પર બેઠેલા યુવકને આશરે અઢી ફૂટ લાંબી કાળા હાથાવાળી સ્ટીલની સ્ટીક સાથે ઝડપી લીધો હતો. પૂછપરછ દરમિયાન તેણે પોતાનું નામ સાહિલભાઈ જયંતિભાઈ ટંડેલ (ઉં.૨૪, રહે. કકવાડી મેથીયા ફળીયું, વલસાડ) જણાવ્યું હતું. ત્યારબાદ પોલીસે સ્ટીલની સ્ટીક કબજે કરી હતી.

**સાપુતારામાં ગાઢ ધુમ્મસ વચ્ચે આહલાદક વાતાવરણ**

## ડાંગમાં મેઘાની મહેર યથાવત

### ભારે વરસાદથી વઘઈમાં ૫.૮૪ ઈંચ ખાબક્યો, માર્ગો પર મલબો ધસી પડતા તંત્ર એલર્ટ



ગિરીશ ભોયે

**જિલ્લાનો 24 કલાકનો વરસાદ**

| | |
|---|---|
| વઘઇ | 5.84 ઈંચ |
| સુબિર | 4.28 ઈંચ |
| આહવા | 4.2 ઈંચ |
| સાપુતારા | 2.44 ઈંચ |

સાપુતારા : ડાંગ જિલ્લામાં સતત બીજા દિવસે પણ મેઘમહેર યથાવત રહેતા સમગ્ર જિલ્લો વરસાદી માહોલમાં તરબોળ બન્યો છે. છેલ્લા ચોવીસ કલાકથી વરસી રહેલા વરસાદના પગલે અંબિકા, ગીરા, ખાપરી અને પૂર્ણા નદીઓના જળસ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે. પાણીની આવક વધવાથી અનેક સ્થળોએ નદી-નાળા ગાંડીતુર બન્યા છે, જેના કારણે ડાંગનું કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. અંબિકા નદીમાં નવા નીર આવતા વઘઈ નજીકનો પ્રસિદ્ધ ગીરાધોધ ફરી સક્રિય થયો છે અને તેનું નયનરમ્ય દ્રશ્ય જોવા મળી રહ્યું છે.

ગિરિમથક સાપુતારામાં ગાઢ ધુમ્મસની સફેદ ચાદર છવાઈ જવાથી વાહનચાલકોને દિવસ દરમિયાન પણ હેડલાઈટ ચાલુ રાખવાની ફરજ પડી હતી. જોકે, ભવાનદગડ અને આહવા શિવઘાટ પાસે માટીનો મલબો ધસી પડવાની ઘટનાઓ બની હતી, જેના લીધે કેટલાક માર્ગો પર ટ્રાફિક અવરોધાયો હતો. નદી-નાળાઓમાં પાણીનું સ્તર વધતા લોકોને નદી, નાળા અને ધોધ જેવા જોખમી સ્થળોની આસપાસ ન જવા અપીલ કરવામાં આવી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પારડીના ટુકવાડા આહીર ફળિયામાં દીપડો પાંજરે પુરાયો



અમૃત પટેલ

પારડી : પારડીના ટુકવાડા આહિર ફળીયામાં બાબુ આહિરના ઘરની બાજુમાં દીપડાએ મારણ કરવાની ફરિયાદ સરપંચ તેજલ પટેલે રેંજ ફોરેસ્ટ ઓફિસર અંકિત પટેલને કરતા વન વિભાગે પાંજરૂ ગોઠવ્યું હતું. જેમાં શનિવારે સાંજે દીપડો પાંજરામાં પુરાતા વન વિભાગે કબ્જો મેળવી સુરક્ષિત જગ્યાએ ખસેડી લાવવામાં આવ્યો હતો.

### કાલયમાં 65,000 ની મત્તાની ઘરફોડ ચોરી

ઉમરગામ : ઉમરગામના કાલયમાં રૂપિયા 65,000 ની મત્તાની ઘરફોડ ચોરી થઈ છે. પરિવાર જન્માષ્ટમી નિમિત્તે મંદિરમાં ગયો હતો ત્યારે તસ્કરો ઘરનું તાળું તોડીને ચોરી કરી નાસી ગયા હતા. ઉમરગામ તાલુકાના કાલય ગામે મિતનવાડ ખાતે રહેતા ફરિયાદી દર્શનાબેન દક્ષેશભાઈ મીતના તારીખ 4/9/2026 ના રોજ પરિવાર સાથે ગુરુ ગિરનારી મંદિરમાં જન્માષ્ટમી નિમિત્તે ગયા હતા અને રાત્રે પરત ઘરે આવી જોયું તો તેમના ઘરના દરવાજાનું તાળું તૂટેલું હતું અને સરસામાન વેરવિખેર પડેલો હતો કોઈ અજાણ્યા ચોર ઈસમોએ ઘરમાં ઘૂસીને તિજોરી ખોલી બે તોલાની સોનાની ઇયરિંગ એક જોડી જેની કિંમત આશરે રૂપિયા 60000 તથા કબાટમાંથી રોકડા રૂપિયા 5000 મળી કુલ રૂપિયા 65,000 ની મતાની ચોરી કરીને ચોર ઈસમો નાસી ગયા હતા. આ બનાવ અંગે નારગોલ મરીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### માકડબનમાં પતિ સાથે બોલાચાલી બાદ પરિણીતાનો આપઘાત

ધરમપુર : ધરમપુર તાલુકાના માકડબન ગામના નાયકપાડા ફળિયામાં ૨૨ વર્ષીય પરિણીતાએ પોતાના ઘરે ફાંસો ખાઈ જીવન ટૂંકાવતાં ચકચાર મચી હતી. ધરમપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી વિગત મુજબ મૃતક રવિનાબેન રોહિતભાઈ કાનાતએ પોતાના ઘરના રસોડાના ભાગે ડાંડા સાથે ઓઢણી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. પોલીસ નોંધ મુજબ, રવિનાબેને પતિ પાસે જમતી વખતે ખર્ચ માટે રૂપિયા ૫૦૦ માંગ્યા હતા, પરંતુ પતિએ આપવાનો ઈનકાર કર્યો હતો. ઉપરાંત સવારે શાક તીખું બનાવવાના મુદ્દે પણ પતિએ તેમને કહ્યું હતું. આ બાબતોનું મનમાં લાગી આવતાં તેમણે આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક પોલીસ નોંધમાં જણાવાયું છે. બનાવની જાણ થતાં ધરમપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## મરોલીમાં થાર ગાડી પર જોખમી સ્ટન્ટ કરનાર ૬ યુવકો પકડાયા

### GJ-21-AH-6200 નંબરની કાર કબજે કરી કાયદેસરની કાર્યવાહી



નવસારી : મરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં જાહેર માર્ગ પર થાર કાર સાથે જોખમી સ્ટન્ટ કરતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા મુજબ GJ-21-AH-6200 નંબરની થાર કારમાં સવાર કેટલાક યુવકો કારના બોનેટ તેમજ દરવાજા પાસે રહી સ્ટન્ટ કરતા હોવાનું વીડિયોમાં જોવા મળ્યું હતું.

વીડિયો પોલીસના ધ્યાને આવ્યા બાદ મરોલી પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન કારચાલક જયેશકુમાર રમેશભાઈ પટેલ (રહે. મરોલી ગામ), તેમજ જતીન પટેલ, ઓમ ચૌહાણ, કુણાલ પટેલ, વિર પટેલ અને પ્રવિણકુમાર પુરોહિતની ઓળખ કરવામાં આવી હતી.

પોલીસે કાર્યવાહી કરીને તમામ છ યુવકોને થાર કાર સાથે ઝડપી લીધા હતા અને તેમને પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યા હતા. જાહેર માર્ગ પર જોખમી રીતે વાહન ચલાવી સ્ટન્ટ કરવા અંગે મરોલી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી આગળની તપાસ શરૂ કરી છે. પોલીસની કાર્યવાહીથી જાહેર માર્ગો પર વાહનો સાથે જોખમી સ્ટન્ટ કરનારા સામે કાર્યવાહી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

HDFC BANK
We understand your world

રજીસ્ટર્ડ ઓફિસ : એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅરપરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩ અને જેની એક ઓફિસ : રીટેઈલ પોર્ટફોલીયો મેનેજમેન્ટ તરીકે : એચડીએફસી બેંક લિ. ૧લો માળ,આઈ-થીંક ટેકનો કેમ્પસ, કાંજુરમાર્ગ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૪૨ ખાતે છે.

**એચડીએફસી બેંક લિમિટેડને ગીરવે મુકેલી સિક્યોરિટીઝના વેચાણ માટેની માહિતી અને જાહેર સૂચના**

**એચડીએફસી બેંક લિમિટેડ** (બેંક) ના નીચે દર્શાવેલ લોનધારકોને બેંક પાસે સિક્યોરિટીઝ સામે લોન / ઓવરડ્રાફટની ક્રેડિટ સુવિધાઓ મેળવવા ગીરવે મુકેલી સિક્યોરિટીઝના વેચાણ અંગે સૂચિત કરવામાં આવે છે.

લોનની શરતો અનુસાર બાકી લેણાંની ચુકવણી કરવામાં લોન લેનારાઓ દ્વારા સતત કસુર થવાના કારણે, નીચેના લોન/સુવિધા ખાતા અપરાધની સ્થિતિમાં છે અથવા તો એનપી એ (નોન પર્ફોર્મિંગ એસેટ) તરીકે વર્ગીકૃત કરવામાં અવ્યા છે બેંક દ્વારા આ લોનધારકોને વારંવાર નોટીસો/ રી કોલ નોટીસ જારી કરી છે, જેમાં નીચે દર્શાવેલ તારીખે અંતિમ વેચાણની નોટીસનો સમાવેશ થાય છે. જેમાં નીચે જણાવેલ ખાતાઓમાં બાકી રહેલ તમામ લેણાંની ચુકવણી કરવા માટે લોન લેનારને **૭ દિવસ**નો સમય આપ્યો હતો, લોન લોનાર જેમાં નિષ્ફળ થયા હોવાથી આ સંબંધમાં વધુ નોટીસ આપ્યા વિના ગીરવે મુકેલી સિક્યોરિટીઝ વેચવા માટે બેંક સ્વતંત્ર હશે.

લોન લેનારાઓએ અવગણના કરી છે અને બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા છે, તેથી બેંક દ્વારા લોન કરાર હેઠળ તેના અધિકારોનો ઉપયોગ કરી **તા.૨૧ મી સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજ અથવા તે પછી લોન લેનારાઓની લોનના બાકી લેણાંની વસૂલાત માટે સિક્યોરિટીઝનું વેચાણ / નિકાલ કરવાનો નિર્ણય લીધો છે. લોન લેનારાઆને ભારતીય કરાર અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૭૬ ના પાલનમાં આને વેચાણની સૂચના તરીકે ગણવા માટે સૂચિત કરવામાં આવે છે. લોન લેનારાઓને પણ સૂચિત કરવામાં આવે છે કે, જો કોઈપણ સમયે, માર્જીનની જરૂરિયાતમાં શેરબજારની અસ્થિરતાને કારણે વધુ ઉણપ ઉભી થાય અને ગીરવે મુકેલી સિક્યોરિટીઝનું મૂલ્ય વધુ ઘટે તો બેંક આ સંદર્ભમાં વધુ સૂચના આપ્યા વિના તેની વિવેકબુદ્ધિથી ગીરવે મુકેલ સિક્યોરિટીઝને એક(૧) કેલેન્ડર દિવસની અંદર વેચશે. ગીરવે મુકેલી સિક્યોરિટીઝના વેચાણમાંથી મળેલ રકમના એડજસ્ટમેન્ટ બાદ, બેંકને બાકી રહેલી રકમની ચૂકવણી કરવા માટે લોન લેનાર જવાબદાર રહેશે.

| અ. નં. | લોન ખાતા નંબર | દેવાદારો ના નામ | ૧૦મી સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજની બાકી રકમ | વેચાણ નોટીસની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | XXXXXXXXXX4772 | હિતેન્દ્ર ઈશ્વરભાઈ પટેલ | ૨,૨૦,૧૫૩.૨૨ | ૧૧.૦૯.૨૦૨૬ |
| ૨ | XXXXXXXXXX3204 | વિજયભાઈ એમ.રોહિત | ૧,૧૯,૭૮૮.૩૮ | ૧૧.૦૯.૨૦૨૬ |
| ૩ | XXXXXXXXXX6222 | ભજન લાયક | ૧,૧૪,૭૯૮.૨૦ | ૧૧.૦૯.૨૦૨૬ |

તારીખ : ૧૪.૦૯.૨૦૨૬
સ્થળ : દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

સહી/-
એચડીએફસી બેંક લિ.